મે. રાજકોટના જયુડી. મેજીસ્ટ્રેટ ફ. ક. મ્યુનીસીપલ/સ્પે.સીટીંગ મેજી. સાહેબશ્રી ની કોર્ટમાં, રાજકોટ

ક્રીમી. કેસ નં.–૫૨૨૬૧/૨૦૨૧૫
આંક –

ફરીયાદી – નામદાર સરકાર

વિરૂધ્ધ

આરોપી – જગદિશભાઈ હરીભાઈ રાઠોડ
રહેવાસી – રાજકોટ

ગુનો – ધી. ગુજરાત પ્રોહી. એકટની કલમ ૬૬(૧)(બી) મુજબ...

–ઃ ચુકાદો ઃ–

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકી હકિકત છે કે, આરોપીએ ફરીયાદમાં જણાવ્યા મુજબના પ્રોહી.ગુનો કરેલ હતો. આરોપી વિરૂધ્ધ ફરીયાદ થતા આરોપી વિરૂધ્ધ પ્રોહી ના ગુનાની ચાર્જશીટ કરવામાં આવેલ. આરોપી હાજર થતા તેને નકલો આપી, પ્લી નોંધવામા આવેલ હતી, આરોપીએ ગુનો કબુલ ન કરતા ટ્રાયલ ચાલુ કરવામા આવેલ હતી. નોટીફીકેશન મુજબ ઠરાવેલ/નિર્દેશ કરેલ મુદામાલ કરતા ઓછો મુદામાલ છે જેથી પ્રોહી.૬૬(૧)(બી) નો ગુનો બને છે.ગુનો ગમે તે તબક્કે કબુલ થઈ શકે તેમ છે. જેથી અમારે આજરોજ ગુનો કબુલ કરવો છે જેથી અમારી કબુલાત લેવા અને દંડ કરી ઓછામા ઓછી સજા કરવા વિનંતી છે.

(૨) આજરોજ આરોપીએ હાજર થઈ ગુનો કબુલ કરવો હોય તેમ જણાવી કબુલાત પુરસીસ આપેલ છે. આરોપીએ ગુનો કબુલ કરવાની રજુઆત કરતા તેઓને તેઓની સામેના ગુનાની ગંભીરતા સમજાવવામાં આવેલ છે તેમ છતાં તેઓ સ્વૈચ્છીક કબુલાત કરતા હોઈ અને જે મતલબની પુરસીસ રજુ કરેલ છે. ના.સર્વોચ્ચ અદાલતનો સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ.સુખદેવ સિંઘના પ્રસ્થાપીત સીધ્ધાંત મુજબ ટ્રાયલના કોઈ પણ તબક્કે આરોપી ગુનો કબુલ કરી શકે છે જેથી આરોપી સામે ફરીથી તહોમતનામુ ફરમાવ, ગુનાની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમા ગુનાનો એકરાર કરી અને ગુનો કરેલ હોવાનુ કબુલ રાખેલ છે. વધુમા મૌખિક રજુઆત કરતા જણાવેલ છે કે અમોને ગુનો કબુલ કરવો છે અમો આરોપી ગરીબ વર્ગના માણ છીએ, અમો અમારા કુંટુબના પડીલ વ્યકિત છીએ, અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે, અમો હવેથી અન્ય ગુનો ના કરી તેનુ ધ્યાન રાખીશુ. અમારૂ કુંટુબ અમારા ઉપર નિર્ભર છે. જેથી અમારી કબુલાત સ્વીકારવા તેમજ કાયદામા ઠરાવેલ સજા કરતા ઓછી સજા કરવા નામદાર કોર્ટને વિનંતી છે.

(૩) આરોપીને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોક્ત હકિકતે આરોપીની સ્વૈચ્છીક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી.ક.૬૬(૧)(બી) ના ગુનાની સજાની જોગવાઈ કેદ જે ત્રણ વર્ષ સુધી લંબાવી શકાઈ અને દંડ છે, આમ ઓછામાં ઓછી સજાની કોઈ જોગવાઈ નથી જેથી તેમાં કોર્ટ ઉઠતા સુધીની સજાથી લઈ ત્રણ વર્ષ સુધી સજા કરી શકાય તેમ છે, દંડ કોર્ટ ઉપર છોડેલ છે. ચાર્જશીટ પરથી આરોપીએ અગાઉ કોઈ ગુનો કરેલ હોય કે સંડોવાયેલા તેવી કોઈ વીગત જણાતી નથી. આમ સદર કેસની હકિકત જોતા આરોપીની ઉમર જોતા, આરોપીની શારીરિક અને આર્થીક પરીસ્થીતી જોતા તેમજ તેઓની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતા તેમજ આરોપીઓ ઉપરના આક્ષેપીત ગુના જોતા અને નટવર હરચંદજીના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને રાખતા આરોપીની કબુલાત સ્વીકારવાથી અને ઓછી સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

- આરોપીને બી.એન.એસ.એસ.એકટની કલમ–૨૭૫ મુજબ ધી ગુજરાત પ્રોહી. એકટની પ્રોહી.૬૬(૧)(બી) ના ગુનાઓના કામે ગુનો કરવા બદલ દોષિત ઠરાવવામાં આવે છે.આરોપીને ગુનો કરવા બદલ રૂ.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) નો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી સદર દંડની રકમ ના ભરે તો દિન–૧ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

તારીખઃ ૧૩/૧૨/૨૦૨૫ ફોજદારી દંડની રકમ રૂા. ............................
સ્થળઃ રાજકોટ. દંડની પહોંચ નં. ........... તા.૧૩/૧૨/૨૦૨૫
થી વસુલ લીધી

(કમલેશકુમાર રમેશભાઈ ગાગનાણી)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ. ક.(મ્યુનિ.)
જજ કોડ જીજે૦૧૬૮૭, રાજકોટ.